Wednesday
15.04.2026
*Volume :10 *Issue No.278
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્ | RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતી અવસરે ગાંધીનગર ખાતે ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી



કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ભારતીય બંધારણના નિર્માતા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતીએ ગાંધીનગર ખાતે આયોજિત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થઈ ને ભાવવંદના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સૌ પ્રથમ ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ, તેમણે વિધાનસભા સંકુલની સામે આવેલ ડૉ. આંબેડકર પ્રતિમા સંકુલ પ્રેરણા ભૂમિ ખાતે સ્થાપિત કરવામાં આવેલી બાબા સાહેબ ની પૂર્ણ કદની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી ભાવ વંદના કરી હતી. આ પ્રસંગે રંગોળી ઈન્ટરનેશનલ શાળાની વિદ્યાર્થિનીઓએ ડૉ. ભીમરાવ આંબેડકરની જીવન ઝાંખી પ્રસ્તુત કરતું પ્રભાવશાળી વક્તવ્ય રજૂ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન પ્રેરણા ભૂમિ ખાતે જનમેદની સાથે બંધારણના ઘડવૈયા ની જન્મ જયંતિ ઉજવણીમાં સહભાગી થયા હતા. આ સમયે સમગ્ર વાતાવરણ 'જય ભીમ' ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. આ અવસરે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, સામાજિક ન્યાય અને અધિકારીતા તથા શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા સહિત મંત્રીમંડળના સદસ્યો, વિધાનસભાના પદાધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો, શાળાના વિદ્યાર્થીઓ અને સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ડૉ. આંબેડકરજીના રાષ્ટ્ર નિર્માણમાં પ્રદાનને યાદ કરીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## વિધાનસભા અધ્યક્ષશ્રી અને મંત્રીશ્રીઓએ બાબા સાહેબ આંબેડકર ને ભાવાંજલિ આપી











# ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ લોકભવન ખાતે ડૉ. ભીમરાવ આંબેડકરને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરી

### રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પણ બાબાસાહેબને પાઠવી શ્રદ્ધાંજલિ



કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ તેમની ગુજરાત મુલાકાત દરમિયાન લોકભવન ખાતે ભારતીય બંધારણના શિલ્પી ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના પોટ્રેટને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પણ ડૉ. આંબેડકરને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ ગરિમાપૂર્ણ અવસરે કેન્દ્ર અને રાજ્યના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ભારત રત્ન ડૉ. આંબેડકરના પોટ્રેટને પુષ્પ અર્પણ કર્યા હતા.

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે "માહિતીનો અધિકાર- બે દાયકાની સફર" પુસ્તકનું વિમોચન કરાયું

### ગુજરાત માહિતી આયોગ દ્વારા તૈયાર કરાયેલું આ ઇન-હાઉસ પ્રકાશન RTI ક્ષેત્રે કામ કરતા કર્મયોગીઓ, સંશોધકો અને જનસામાન્ય માટે માર્ગદર્શિકા બની રહેશે: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી




### આ પુસ્તકમાં RTI એક્ટની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને ૨૦૧ મહત્વપૂર્ણ ચુકાદાઓનો સમાવેશ

### માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગુજરાત માહિતી આયોગ દ્વારા વિશેષ પ્રકાશન તૈયાર કરવામાં આવ્યું

કમલમ્,

અમદાવાદ ગુજસેલ ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદહસ્તે આજે "માહિતીનો અધિકાર- બે દાયકાની સફર" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. માહિતી અધિકાર અધિનિયમ (RTI Act), 2005 ને ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગુજરાત માહિતી આયોગ દ્વારા આ ગૌરવશાળી સફરને પ્રકાશન સ્વરૂપે આકાર આપવામાં આવ્યો છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વહીવટમાં પારદર્શિતા અને જવાબદારી લાવવા માટે માહિતીનો અધિકાર એક સશક્ત માધ્યમ સાબિત થયો છે. ગુજરાત માહિતી આયોગ દ્વારા તૈયાર કરાયેલું આ ઈન-હાઉસ પ્રકાશન RTI ક્ષેત્રે કામ કરતા કર્મયોગીઓ, સંશોધકો અને જનસામાન્ય માટે માર્ગદર્શિકા બની રહેશે. ગુજરાત માહિતી આયોગ દ્વારા તૈયાર કરાયેલા આ પુસ્તકમાં ઈ-પ્રક્રિયા અને તેના અમલીકરણ અંગેની તલસ્પર્શી વિગતો આવરી લેવામાં આવી છે, જેમાં મુખ્યત્વે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, અધિનિયમના નિયમો અને કેન્દ્ર તથા રાજ્ય સરકારના મહત્વના હુકમોની જોગવાઈઓ, ગુજરાત માહિતી આયોગની રચના, કાર્યપદ્ધતિ અને આંકડાકીય માહિતી, સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ અને વિવિધ માહિતી આયોગો દ્વારા આપવામાં આવેલા ૨૦૧ ઐતિહાસિક અને મહત્વપૂર્ણ ચુકાદાઓના સંગ્રહનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિમોચન કાર્યક્રમમાં માહિતી આયોગના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.







કમલમ્,

સદભાવ યુવા વિકાસ ટ્રસ્ટ, કલ્યાણા દ્વારા આયોજિત ભારત રત્ન બાબા સાહેબ ડો. ભીમરાવ આંબેડકરજીની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે ચોપડા તુલા દ્વારા ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત નું સન્માન કરવામાં આવ્યું. ચોપડા (પુસ્તક) તુલા માત્ર એક વિધિ નથી, પરંતુ શિક્ષણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અને બાબા સાહેબના "શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો"ના મહાન સંદેશને જીવનમાં ઉતારવાનો એક પ્રતિક છે. બાબા સાહેબે જે શિક્ષણ દ્વારા સમાજને સશક્ત બનાવવાનો સપનો જોયો હતો, તે સપનાને સાકાર કરવા માટે આ પ્રકારની પ્રવૃત્તિઓ ખૂબ જ પ્રેરણાદાયી છે. આ સન્માન બદલ ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે સંસ્થાનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ સાથે જ કાર્યક્રમ દરમિયાન સમાજહિતનાં અનેક મહત્વપૂર્ણ કાર્યો પણ હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં કોમ્યુનિટી હોલ ખાતમુહૂર્ત, પક્ષીઓ માટે પાણીના કુંડા અને ચકલી ઘર વિતરણ, યુનિટી ઓફ કલ્યાણા (ડો. બી. આર. આંબેડકર પ્રતિમા નિર્માણ) ખાતમુહૂર્ત, વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ તેમજ આંગણવાડી કેન્દ્રો પર ૫ લીટર થર્મો સ્ટીલ જગ વિતરણ અને મધ્યાહ્ન ભોજન કેન્દ્રના બાળકોને નાસ્તા માટે સ્ટીલ ડિશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે શ્રી સત્યેનભાઈ કુલાબકર, શ્રી નંદાજી ઠાકોર, સદભાવ યુવા વિકાસ ટ્રસ્ટ કલ્યાણાના પ્રમુખશ્રી - આનંદભાઈ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી જસુભાઈ પટેલ, શ્રી ખેંગારજી ચૌહાણ, શ્રી ભુપેન્દ્રસિંહ વાઘેલા, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી હરગોવનભાઈ પટેલ, શ્રી મહેશભાઈ ચૌહાણ, હંસાબેન ચૌહાણ, શ્રી છનાજી ઠાકોર, શ્રી સૂરપાળસિંહ રાજપૂત, શ્રી ભરતજી ઠાકોર, શ્રી સુરેશજી ઠાકોર, શ્રી નીતિનભાઈ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી સરજીજી ઠાકોર, સામાજિક આગેવાનો, ટ્રસ્ટના સભ્યો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.


## તંત્રી સ્થાનેથી......

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુધ્ધ વચ્ચે ઈરાનમાં માછીમારી કરવા માટે ગયેલા વલસાડ અને નવસારી જિલ્લાના માછીમારો ફસાયા હતા. જેઓને ભારત સરકાર દ્વારા પરત પોતાના માદરે વતન લાવવામાં સફળતા મળતા આજે સોમવારે વલસાડ સરકીટ હાઉસ ખાતે સવારે પ્રથમ બસમાં ૩૮ અને બપોરે બીજી બસમાં ૩૪ મળી કુલ ૭૨ માછીમારો બે બસમાં આવી પહોંચ્યા હતા. રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, વલસાડ ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ અને જિલ્લા કલેકટરશ્રી ભવ્ય વર્મા અને મત્સ્યોદ્યોગ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહી હારતોરા સાથે તમામ માછીમારોનું ઉષ્માભેર સ્વાગત કર્યુ હતું. પોતાના ગામની ધરતી પર પગ મુકતાની સાથે જ તમામ માછીમારોએ ''ભારત માતા કી જય''ના નારા લગાવી પરિવારને મળવાની ખુશી વ્યક્ત કરી હતી. રોજી રોટી માટે પોતાના વતનથી સાત સમુંદર પાર ગયેલા વલસાડ – નવસારી જિલ્લાના માછીમારો સુખરૂપે માછીમારી કરી રહ્યા હતા અને ઈરાન- અમેરિકા વચ્ચે યુધ્ધ ફાટી નીકળતા તેઓની હાલત કફોડી બની હતી. પોતાની હાલત અંગેના વીડિયો બનાવી માછીમારોએ નવસારી જિલ્લાના ધોલાઈ બંદર સ્થિત માછીમારી વ્યવસ્થાપન સમિતિ ટ્રસ્ટના હોદ્દારોને મોકલ્યા હતા તેઓએ આ બાબતે નવસારી લોકસભા બેઠકના સાંસદશ્રી અને કેન્દ્રિય જલશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલ અને વલસાડ- ડાંગના સાંસદશ્રી–વ –લોકસભાના દંડકશ્રી ધવલભાઈ પટેલને બંને જિલ્લાના માછીમારોને પરત લાવવા માટે ધારદાર રજૂઆતો કરી હતી. જેને પગલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને સીધા માર્ગદર્શન હેઠળ કેન્દ્રિય વિદેશ મંત્રીશ્રી એસ. જયશંકરે ઈરાન સરકાર સાથે વાટાઘાટો કરી હતી. જેના સફળ પડઘા પડતા યુધ્ધની ભીષણ પરિસ્થિતિ વચ્ચે વલસાડ નવસારી જિલ્લાના માછીમાર ભાઈઓ સહી સલામત રહે તેવા તમામ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આખરે તા. ૧૧ એપ્રિલના રોજ સવારે ૧૦ કલાકે ૭૨ માછીમાર ભાઈઓ ઈરાનથી ઈન્ડિયા આવવા ફલાઈટમાં બેઠા હતા અને રાત્રિના ૯ કલાકે ચેન્નાઈથી બે બસમાં વલસાડ આવવા રવાના થયા હતા. જેઓ સોમવારે સવારે ૯ કલાકે વલસાડ સર્કિટ હાઉસ આવી પહોંચ્યા હતા. જ્યાં જિલ્લા વહીવટી તંત્ર તરફથી કલેકટરશ્રી ભવ્ય વર્મા, નિવાસી અધિક કલેકટરશ્રી એમ.ડી.ચુડાસમા, ફિશરીઝ ડિપાર્ટમેન્ટના ઈન્ચાર્જ કમિશ્નર શ્રી મિતેશ પંડ્યા, ડેપ્યુટી ડાયરેકટરશ્રી કે.આર.પટણી અને વલસાડ જિલ્લાના મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી બિંદુબેન પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ અને નવસારી જિલ્લાના ૭૨ માછીમારો તા. ૨૮ ફેબ્રુઆરીથી ફસાયા હતાઃ ઉપપ્રમુખ ઠાકોરભાઈ ટંડેલ ધોલાઈ બંદરના માછીમારી વ્યવસ્થાપન સમિતિ ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી ઠાકોરભાઈ બાલુભાઈ ટંડેલે જણાવ્યું કે, વલસાડ – નવસારી જિલ્લામાંથી ૭૨ માછીમારો રોજી રોટી માટે ઈરાન ગયા હતા પરંતુ યુધ્ધની પરિસ્થિતિને કારણે તેઓ તા. ૨૮ ફેબ્રુઆરીથી ત્યાં ફસાયા હતા. જે અંગેની જાણ અમોને થતા અમારા મંડળના પ્રમુખશ્રી ઈશ્વરભાઈ ડી. ટંડેલ, મંત્રી માથુરભાઈ પી. ટંડેલ અને ટ્રસ્ટી અમરતભાઈ આર. ટંડેલે નવસારી-વલસાડના સાંસદશ્રી સી.આર.પટેલ અને ધવલભાઈ પટેલને રજૂઆત કરતા તમામ માછીમોરાને પરત વતન લાવવામાં સફળતા મળી છે.

# ૯મી ઈન્ડિયા ફાર્માની વિશેષતાઓ: નીતિગત પ્રોત્સાહન અને નવીનતા ક્ષેત્રીય વૃદ્ધિને વેગ આપશે

## બાયોસિમિલર્સ અને સ્પેશિયાલિટી દવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારત વૈશ્વિક ફાર્મા લેન્ડસ્કેપમાં નેતૃત્વ કરવા માટે તૈયાર: જે.પી. નડ્ડા, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી




## ફાર્મા સેક્ટરે નવીનતા-સંચાલિત વિભાગો પર તેનું ધ્યાન વધુ તીવ્ર બનાવવું જોઈએ તેમ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલે જણાવ્યું; ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગને મજબૂત કરવા આહ્વાન કર્યું

કમલમ્,

ભારત સરકારના રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ્સ વિભાગ (DoP) ની મુખ્ય ઈવેન્ટ, ઈન્ડિયા ફાર્મા ૨૦૨૬ ની ૯મી આવૃત્તિ આજે નવી દિલ્હીમાં શરૂ થઈ. ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) અને ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ (IPA) ના સહયોગથી આયોજિત આ બે દિવસીય કોન્ફરન્સ (૧૩-૧૪ એપ્રિલ) નવીનતા, આત્મનિર્ભરતા અને વૈશ્વિક નેતૃત્વ પર વિશેષ ભાર સાથે વૈશ્વિક ફાર્માસ્યુટિકલ અને હેલ્થકેર ઈકોસિસ્ટમના મુખ્ય હિસ્સેદારોને એકસાથે લાવશે. ઉદ્ઘાટન સત્રને વર્ચ્યુઅલી સંબોધતા કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી શ્રી જે.પી. નડ્ડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પ્લેટફોર્મ ભારતની ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની શક્તિ અને વધતી જતી વૈશ્વિક સુસંગતતા બંનેને પ્રતિબિંબિત કરે છે. તેમણે નોંધ્યું હતું કે ભારત લાંબા સમયથી સસ્તી જેનરિક દવાઓમાં તેના નેતૃત્વને કારણે "વિશ્વની ફાર્મસી" તરીકે ઓળખાય છે, પરંતુ હવે વૈશ્વિક લેન્ડસ્કેપ ઝડપથી બાયોલોજિક્સ, બાયોસિમિલર્સ અને સ્પેશિયાલિટી દવાઓ તરફ બદલાઈ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ''આ બદલાતા વાતાવરણમાં, ભારત માત્ર અનુકૂલન સાધવા માટે જ નહીં પરંતુ વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવવા માટે પણ સુસજ્જ છે.'' નવીનતાને પ્રોત્સાહન આપવા અને સંશોધન ક્ષમતાઓને મજબૂત કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાને પુનરોચ્ચાર કરતા તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બાયોફાર્માસ્યુટિકલ નવીનતામાં ક્ષમતાઓને આગળ વધારવા માટે તાજેતરમાં ૧૦,૦૦૦ કરોડના ખર્ચ સાથે શરૂ કરાયેલી બાયોફાર્મા શક્તિ પહેલ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ટેકનોલોજીમાં સંશોધનને પ્રોત્સાહન આપવા માટેની PRIP યોજના જેવી પૂરક પહેલો પર વધુ ભાર મૂક્યો હતો, જે ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગને ગાઢ બનાવવા અને નવીન સારવારના વિકાસને વેગ આપવા માંગે છે. સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવવું એ મુખ્ય અગ્રતા બની રહી છે, જે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાઓ અને આત્મનિર્ભરતા અને અનુકૂળ સપ્લાય ચેઈન્સ વધારવા માટે બલ્ક ડ્રગ પાર્કના વિકાસ દ્વારા ટેકો મળે છે. તેમણે પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના જેવી પહેલો દ્વારા પોસાય તેવી હેલ્થકેર માટે સરકારની પ્રતિબદ્ધતા પણ દોહરાવી હતી, જે દેશભરમાં વ્યાજબી કિંમતે ગુણવત્તાયુક્ત દવાઓની પહોંચ વિસ્તારવાનું ચાલુ રાખે છે. તેમણે ઉમેર્યું હતું કે ઈન્ડિયા ફાર્મા ૨૦૨૬ સંવાદ, ભાગીદારી અને આ ક્ષેત્ર માટે ભાવિ રોડમેપ તૈયાર કરવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલે હાઈલાઈટ કર્યું હતું કે ભારત વૈશ્વિક જેનરિક લીડર હોવાથી ઉભરતા બાયોફાર્મા ઈનોવેશન હબ બનવા તરફ એક નોંધપાત્ર સંક્રમણમાંથી પસાર થઈ રહ્યું છે. તેમણે નોંધ્યું હતું કે ભારત હાલમાં વૈશ્વિક જેનરિક દવાઓમાં લગભગ ૨૦% યોગદાન આપે છે અને વૈશ્વિક રસીની માંગના લગભગ ૭૦% પૂરી કરે છે, જે દેશની મજબૂત ઉત્પાદન ક્ષમતાઓને રેખાંકિત કરે છે. ભવિષ્યની તકો પર ભાર મૂકતા તેમણે જણાવ્યું હતું કે બાયોલોજિક્સ અને બાયોસિમિલર્સની વૈશ્વિક માંગ ઝડપથી વધી રહી છે, જેમાં બાયોસિમિલર્સ માર્કેટ ૨૦૩૦ સુધીમાં ઈ૭૫ બિલિયન સુધી પહોંચવાની ધારણા છે. તેમણે વધુમાં ધ્યાન દોર્યું હતું કે નવીન દવાઓ વૈશ્વિક ફાર્માસ્યુટિકલ માર્કેટ વેલ્યુના લગભગ ૮૭% હિસ્સો ધરાવે છે, જે ભારત માટે નવીનતા-સંચાલિત વિભાગો પર તેનું ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. શ્રીમતી પટેલે ડ્રગની શોધ અને વિકાસમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સંકલનની પણ રૂપરેખા આપી હતી. તેમણે અદ્યતન સંશોધન અને નવીનતાને ટેકો આપવા માટે NIPERs અને IIT જ જેવી અગ્રણી સંસ્થાઓ દ્વારા માનવ મૂડીને મજબૂત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ફાર્માસ્યુટિકલ્સ વિભાગના સચિવ શ્રી મનોજ જોશીએ નવીનતાની સમયસીમાને વેગ આપવા, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને ક્લિનિકલ ટ્રાયલ્સ અને અદ્યતન સંશોધન માટે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ઉન્નત ભંડોળ મિકેનિઝમ્સ, ઉદ્યોગ-સરકાર વચ્ચેના ગાઢ સહયોગ અને કુશળ પ્રતિભાના વિકાસના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવ શ્રીમતી પુણ્ય સલીલા શ્રીવાસ્તવે નિયમનકારી ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને નવીનતાને સક્ષમ કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે નોંધ્યું હતું કે મંજૂરી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને સંશોધન કરવાની સરળતામાં સુધારો કરવા માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે, જેનો ઉદ્દેશ્ય ભારતને "વિશ્વની ફાર્મસી" માંથી "વિશ્વ માટે સંશોધક" (innovator for he world) માં પરિવર્તિત કરવાનો છે. FICCI ફાર્મા કમિટીના અધ્યક્ષ અને મેનકાઈન્ડ ફાર્માના COO શ્રી અર્જુન જુનેજાએ ભારતના મજબૂત ફાર્માસ્યુટિકલ આધાર પર પ્રકાશ પાડ્યો હતો અને નોંધ્યું હતું કે ૩,૦૦૦ થી વધુ કંપનીઓ અને ૧૦,૫૦૦ થી વધુ ઉત્પાદન સુવિધાઓની હાજરી છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સની બહાર સૌથી વધુ સંખ્યામાં US FDA-સુસંગત પ્લાન્ટ્સનો સમાવેશ થાય છે. તેમણે નવીનતા-આધારિત વૃદ્ધિને આગળ વધારવા માટે ભારતીય અને વૈશ્વિક ખેલાડીઓ વચ્ચે ઊંડા સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. FICCI ફાર્મા કમિટીના સહ-અધ્યક્ષ અને સિપ્લા લિમિટેડના MD અને ગ્લોબલ CEO શ્રી અચિન ગુપ્તાએ આભારવિધિ કરી હતી. બે દિવસીય કોન્ફરન્સ અને પ્રદર્શનમાં નવીનતા માટેના નીતિગત માળખાં, દવાની શોધમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજી અને લાઈફ સાયન્સમાં ભારતની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા માટેની વ્યૂહરચનાઓ પર વિચાર-વિમર્શ કરવામાં આવશે. આ ઈવેન્ટ ફાર્માસ્યુટિકલ સેક્ટરના ભાવિ રોડમેપને આકાર આપવામાં અને વૈશ્વિક હેલ્થકેર લીડર તરીકે ભારતની સ્થિતિને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે.

# "યુવાનો વિકસિત ભારતના સશકત ભાગીદાર બને": કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા

## ગાંધીનગરમાં "માય ભારત બજેટ ક્વેસ્ટ ૨૦૨૬ – રાષ્ટ્રીય યુવા સંવાદ"ના દ્વિતીય દિવસનું સફળ આયોજન




કમલમ્,

યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકારના મેરા યુવા ભારત, ગુજરાત દ્વારા આયોજિત "માય ભારત બજેટ ક્વેસ્ટ ૨૦૨૬ – રાષ્ટ્રીય યુવા સંવાદ" કાર્યક્રમના દ્વિતીય દિવસનું આયોજન આજે ટાઉન હોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. ભારત સરકાર કેન્દ્રીય યુવા કાર્યક્રમ અને રમતગમત તથા શ્રમ અને રોજગાર મંત્રી, ડૉ. મનસુખ માંડવિયાએ યુવાઓને વર્ચ્યુઅલ સંબોધન કર્યું હતું. મંત્રીશ્રીએ પોતાના પ્રેરણાદાયક સંબોધનમાં યુવાનોને રાષ્ટ્ર નિર્માણની મુખ્ય ધારામાં જોડાવાનું આહ્વાન કર્યું હતું. તેમણે યુવાઓને સંબોધનમાં માય ભારત વિભાગ દ્વારા ચાલી રહેલી વિવિધ પહેલો જેમ વિકસિત ભારત યંગ લીડર ડાયલોગ (VBYLD) અને માય ભારત ક્વીસ્ટનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. વધુમાં મંત્રીશ્રી એ જણાવ્યું કે આ કાર્યક્રમો યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા વિકસાવવા, નીતિ નિર્માણમાં તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવા તેમજ દેશના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા માટે સશક્ત મંચ પૂરો પાડે છે. મંત્રીશ્રીએ યુવાનોને કૌશલ્ય વિકાસ, નવાચાર, સ્ટાર્ટઅપ્સ અને ટેકનોલોજીકલ પ્રગતિના ક્ષેત્રોમાં આગળ વધવા પ્રેરિત કરતાં જણાવ્યું કે ભારતનું ભવિષ્ય યુવાનોની ઊર્જા, વિચારશક્તિ અને ભાગીદારી પર આધારિત છે. તેમણે યુવાનોને સરકારની વિવિધ પહેલોમાં જોડાઈ "વિકસિત ભારત"ના સંકલ્પને સાકાર બનાવવા સક્રિય ભૂમિકા ભજવવા આહ્વાન કર્યું હતું. કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સંવાદાત્મક સત્રોમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના પ્રથમ સત્રમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત ઉચ્ચતર માધમિક શિક્ષણ બોર્ડનાં વાઈસ ચેરમેન શ્રી અનિલ રાદડિયા ઉપસ્થિત રહ્યા હતા, સાથે જ ડૉ. અચ્યુત દાની અને શ્રી વિકલ્પ કોટવાલે "હ્યુમન કેપિટલ: શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગાર ક્ષેત્રે રોકાણ" વિષય પર આયોજિત સત્રમાં પેનલિસ્ટ તરીકે યુવાનો સાથે સંવાદ કર્યો હતો. કાર્યક્રમના બીજા સત્ર માં "ફ્યુચર ઈકોનોમી: ડિજિટલ, ટેક્નોલોજી અને નવોચાર આધારિત અર્થવ્યવસ્થા" વિષય ઉપર શ્રી સાહિલ શાહ (સ્થાપક, હન્ગ્રીતો અને નેસ્તાવીસ મીડિયા કુ., શ્રી હિરણ્મય મહંત (મુખ્ય કાર્યકારી અધિકારી, આઈ હબ ભારત સરકાર તથા શ્રી દેવાંગ ભટ્ટ (GTPL) પેનલિસ્ટ તરીકે જોડાયા હતા. તેમણે ડિજિટલ અર્થવ્યવસ્થા, નવોચાર, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને નવી ટેક્નોલોજીના ક્ષેત્રોમાં યુવાનો માટે ઉપલબ્ધ તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ ગુજરાતનાં રાજ્ય નિયામક શ્રી સાચન શર્માએ યુવાનોને નીતિ નિર્માણ સાથે જોડવાનો તથા તેમને જાગૃત, સક્ષમ અને જવાબદાર નાગરિક તરીકે સશક્ત બનાવવા માટે મહત્વપૂર્ણ પહેલ અંગે જણાવ્યું હતું. કાર્યક્રમના સમાપન સત્રમાં શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જર અને શ્રી મુકેશ પટેલની ગૌરવમય ઉપસ્થિતિ રહી, જેમણે યુવાનોને પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમ યુવાનોને નીતિ નિર્માણ સાથે જોડવાનો તથા તેમને જાગૃત, સક્ષમ અને જવાબદાર નાગરિક તરીકે સશક્ત બનાવવા માટેની એક મહત્વપૂર્ણ પહેલ છે.



કમલમ્,

**સંતરામપુર નગર આંબેડકર સર્કલ ખાતે ભારતીય બંધારણના ઘડવૈયા, સામાજિક સમરસતાના સૂત્રધાર, ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિ નિમિત્તે ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યા. ન્યાય, સમાનતા અને બંધુતાના મૂલ્યો દ્વારા તેમણે આધુનિક ભારતના નિર્માણનો જે મજબૂત પાયો નાખ્યો છે, તે આપણી લોકશાહીનો પ્રાણ છે. વંચિતોના ઉત્થાનથી લઈને મહિલા સશક્તિકરણ સુધીના તેમના વિચારો આજે પણ પ્રત્યેક ભારતવાસી માટે પ્રેરણાનો અખૂટ સ્ત્રોત છે. રાષ્ટ્રનિર્માણમાં તેમના અતુલ્ય યોગદાનને દેશવાસીઓ સદૈવ યાદ રાખશે. આ તકે મહીસાગર જિલ્લા પ્રમુખશ્રી દશરથસિંહ બારીયા સહેબ, જિલ્લા ઉપાધ્યક્ષશ્રી દીપકભાઈ ચાવડા, સંતરામપુર નગર પ્રમુખશ્રી નિતીનભાઈ રાણા, મહામંત્રીશ્રી પ્રિતેશભાઈ, કેવલભાઈ, નગર પાલિકા ઉપાધ્યક્ષ જીતેન્દ્રસિંહ ઝાલા, સચિન શાહ, કોર્પોરેટરશ્રીઓ, યુવા મોરચો અને કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.**

# કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ બેંગકોક ૨૦૨૬ વર્લ્ડ આર્ચરી પેરા સિરિઝમાં શાનદાર પ્રદર્શન માટે ભારતીય ટુકડીનું સન્માન કર્યું

## "જ્યારે તમે જીતો છો, ત્યારે તે ક્યારેય વ્યક્તિગત વિજય હોતો નથી, તે દેશ હોય છે જે જીતે છે"-ડો. મનસુખ માંડવિયા

કમલમ્,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ થાઈલેન્ડના બેંગકોક ખાતે ૩૦ માર્ચથી ૪ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન યોજાયેલી બેંગકોક ૨૦૨૬ વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદ્દલ ભારતીય ટુકડીને મળીને તેમનું સન્માન કર્યુ હતું. રમતવીરોને અભિનંદન આપતા, મંત્રીએ માત્ર મેડલ ટેલીમાં ટોચનું સ્થાન મેળવવા માટે જ નહીં પરંતુ બીજા ક્રમે રહેલા દેશ કરતા બમણા મેડલ મેળવવા બદલ ટુકડીની પ્રશંસા કરી હતી. તેમણે ટિપ્પણી કરી હતી કે, "હું તમને માત્ર મેડલ ટેલીમાં ટોચ પર રહેવા માટે જ નહીં પરંતુ બીજા દેશ કરતા બમણા મેડલ જીતવા બદલ પણ અભિનંદન આપું છું." રમતગમતની સફળતાના સામૂહિક સ્વભાવ પર ભાર મૂકતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં વિજય સમગ્ર રાષ્ટ્રના ગૌરવને પ્રતિબિંબિત કરે છે, અને નોંધ્યું હતું કે જ્યારે રમતવીરો જીતે છે, ત્યારે તે દેશની જીત હોય છે અને દરેક ભારતીય તે ગૌરવમાં સહભાગી થાય છે. આ ટુર્નામેન્ટમાં ૨૧ દેશો અને ૧૧૩ એથ્લેટ્સની ભાગીદારી જોવા મળી હતી, જેમાં એશિયન અને પાન-અમેરિકન પ્રદેશોનું મજબૂત પ્રતિનિધિત્વ હતું. ભારત ૭ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૩ બ્રોન્ઝ સહિત કુલ ૧૩ મેડલ સાથે મેડલ ટેબલમાં પ્રથમ સ્થાને રહીને ટોચનું પ્રદર્શન કરનાર રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે. ઈન્ડોનેશિયા ૬ મેડલ સાથે બીજા સ્થાને રહ્યું હતું, ત્યારબાદ થાઈલેન્ડ ૫ મેડલ સાથે ત્રીજા સ્થાને રહ્યું હતું. આ સિદ્ધિના વ્યાપક મહત્વ પર પ્રકાશ પાડતા મંત્રીએ કહ્યું કે, "તમે નૂતન ભારતની ભાવનાનું પ્રતિનિધિત્વ કરો છો, અને આજે તમે જે પ્રાપ્ત કરશો તે આવતીકાલનો રમતગમતનો ઈતિહાસ વ્યાખ્યાયિત કરશે." તેમણે વધુમાં રેખાંકિત કર્યું કે આવા પ્રદર્શનથી એશિયન ગેમ્સ સહિતની આગામી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે અપેક્ષાઓ વધશે, અને રમતવીરોને શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવાનું ચાલુ રાખવા વિનંતી કરી. ભારતીય ટુકડી, જેમાં ૩૯ સભ્યો (૨૧ એથ્લેટ્સ, ૫ કોચ, ૩ સપોર્ટ સ્ટાફ અને ૧૦ એસ્કોર્ટ્સ) સામેલ હતા, તેમણે તમામ શ્રેણીઓમાં પ્રભુત્વશાળી પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમ માટેની ભાગીદારી અને પ્રારંભિક શિબિરને ANSF યોજના દ્વારા ACTC હેઠળ અનુક્રમે ૧.૦૪ કરોડ અને ૨૦.૫૧ લાખના ખર્ચ સાથે સહાય આપવામાં આવી હતી. ભારતના મેડલ વિજેતા પ્રદર્શનની મુખ્ય વિગતો:




- તોમન કુમાર (TOPS એથ્લેટ): ૩ ગોલ્ડ (કમ્પાઉન્ડ મેન ઓપન, મિક્સ્ડ ટીમ, મેન ટીમ)
- શીતલ દેવી (TOPS એથ્લેટ): ૨ ગોલ્ડ (મિક્સ્ડ ટીમ, વુમન ટીમ), ૧ સિલ્વર (વુમન ઓપન)
- પાયલ નાગ: ૨ ગોલ્ડ (વુમન ઓપન, વુમન ટીમ)
- હરવિંદર સિંહ (પદ્મશ્રી, TOPS એથ્લેટ): ૧ ગોલ્ડ (મેન ટીમ), ૧ સિલ્વર (મેન ઓપન)
- શ્યામ સુંદર સ્વામી (TOPS એથ્લેટ): ૧ ગોલ્ડ (મેન ટીમ), ૧ બ્રોન્ઝ (મેન ઓપન)
- ભાવના (NCoE એથ્લેટ): ૧ ગોલ્ડ (વુમન ઓપન), ૨ બ્રોન્ઝ (મિક્સ્ડ ટીમ, વુમન ટીમ)
- સ્વાતિ ચૌધરી: ૧ સિલ્વર (ઉ૧ વુમન)
- રાજશ્રી ધનરાજ રાઠોડ: ૧ બ્રોન્ઝ (વુમન ટીમ)
- વિજય સુંદી: ૧ ગોલ્ડ (મેન ટીમ), ૧ બ્રોન્ઝ (મિક્સ્ડ ટીમ)

પોતાના અનુભવો શેર કરતા, રમતવીરો અને કોચોએ સ્પર્ધાત્મક ભાવના અને વૈશ્વિક મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવાના ગૌરવ બંને પર ભાર મૂક્યો હતો. વિશ્વની પ્રથમ ક્વાડ્રપલ એમપ્યુટી (બંને હાથ અને પગ ગુમાવનાર) પેરા આર્ચર પાયલ નાગ તેની શ્રેણીમાં ગોલ્ડ મેડલ સાથે શાનદાર પ્રદર્શન કરનાર તરીકે ઉભરી આવી હતી. શીતલ દેવીએ વ્યવસ્થાઓ અંગે સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તે ટુકડીના એકંદર સંચાલનથી ખુશ છે અને ભારત મેડલ ટેલીમાં ટોચ પર આવ્યું તેનો તેને ગર્વ છે. તેણીએ સ્પર્ધા દરમિયાનની લાગણીશીલ ક્ષણોને પણ યાદ કરી હતી અને નોંધ્યું હતું કે ભારતીય ત્રિરંગાને લહેરાતો જોવો અને રાષ્ટ્રગીત વારંવાર સાંભળવાથી વિજયનું ગૌરવ વધી ગયું હતું. કોચ અભિલાષા ચૌધરીએ અવલોકન કર્યું કે ભારત માત્ર મેડલ ટેલીના સંદર્ભમાં જ નહીં પરંતુ એકંદર હાજરીના સંદર્ભમાં પણ પ્રભુત્વશાળી શક્તિ તરીકે ઉભરી આવ્યું છે, અને ઉમેર્યું કે દેશ રમતગમત સહિત અનેક ક્ષેત્રોમાં વૈશ્વિક શક્તિ તરીકે વધુને વધુ ઓળખાઈ રહ્યો છે. શ્યામ સુંદર સ્વામીએ નોંધ્યું હતું કે ભારતની મજબૂત પ્રતિષ્ઠા તેની ભાગીદારી પહેલાની હતી, અને હરીફ દેશો ભારતીય રમતવીરો જે શ્રેણીઓમાં સ્પર્ધા કરી રહ્યા હતા તેનું નજીકથી નિરીક્ષણ કરી રહ્યા હતા અને કડક સ્પર્ધાની અપેક્ષા રાખતા હતા. મંત્રીએ સંરચિત ભંડોળ, વિશ્વસ્તરીય તાલીમ અને આંતરરાષ્ટ્રીય એક્સપોઝર દ્વારા પેરા-એથ્લેટ્સને ટેકો આપવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી કાર્યક્રમોમાં વધતી જતી અપેક્ષાઓ સાથે, રમતવીરોએ સખત મહેનત કરવાનું ચાલુ રાખવું જોઈએ અને શ્રેષ્ઠતા જાળવી રાખવી જોઈએ. સન્માન સમારોહમાં આર્ચરી એસોસિએશન ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા, જેમાં સેક્રેટરી જનરલ વિરેન્દ્ર સચદેવા અને ગૌતમ અબ્રોલનો સમાવેશ થાય છે.

# જૂનાગઢ જિલ્લાના અગતરાય અને સમઢીયાળા ખાતે વિકાસ સંકલ્પ સભાને સંબોધિત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## ૨૬ તારીખે યોજાનારી ચૂંટણીમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના તમામ ભાજપા ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા આહ્વાન કરતાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા







### જે રાહુલ ગાંધીના મૂળ અને મોસાળ ઇટાલીમાં છે, તેમને ગામડાની ગરીબી કે ચૂલાના ધુમાડાથી પીડિત માતાઓની વ્યથા ક્યારેય ન સમજાય-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારાર્થે જૂનાગઢ જિલ્લાના અગતરાય અને સમઢીયાળા ખાતે આયોજિત 'વિકાસ સંકલ્પ સભા'માં કાર્યકર્તાઓ અને જનમેદનીને સંબોધન કર્યું હતું. પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદના કપરા સમયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સંવેદનશીલ સરકારે રૂ. ૧૦,૦૦૦ કરોડનું ઐતિહાસિક રાહત પેકેજ જાહેર કરવાની સાથે રૂ. ૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવે ખરીદી કરી છે. કમોસમી વરસાદની પરિસ્થિતિમાં સરકારના મંત્રીઓ અને ભાજપાના કાર્યકર્તાઓ ખેડૂતોની સાથે ઊભા હતા. આજે ભાજપા સરકારમાં 'કિસાન સન્માન નિધિ'ના સીધા ખાતામાં નાણાં અને ખાતર પર મોટી સબસીડી સીધી ખેડૂતોને મળી રહી છે. સરકાર ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ લઈ જવા સતત પ્રયાસરત છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોથી ૧૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે, જેમના ઉત્પાદનોને અમૂલ દ્વારા વૈશ્વિક બજાર પૂરું પાડવામાં આવશે 'કિસાન સૂર્યોદય યોજના' ૧૬ હજાર ગામડાઓમાં ખેતી માટે દિવસે વીજળી આપવા માટે કાર્ય થઈ રહ્યું છે.

કોંગ્રેસના શાસનમાં ખેડૂતોને ખાતર અને પાણી માટે વલખાં મારવા પડતા હતા. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે દેશ અને ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે, ત્યારે કોંગ્રેસ હંમેશા ગુજરાત અને ગુજરાતીઓને બદનામ કરવાનું પાપ કરતી રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતની જનતાને 'અભણ અને મૂર્ખ' કહીને જે અપમાન કરવામાં આવ્યું છે, તેનો જવાબ જનતા આગામી ચૂંટણીમાં મતદાન દ્વારા આપશે. ઈટાલી જેમનું મોસાળ છે એવા રાહુલ ગાંધી ગામડાની ગરીબી કે ચુલાના ધુમાડાથી પીડાતી માતા-બહેનોની વ્યથા ક્યારેય ન સમજી શકે. પાણી અને માળખાગત સુવિધાઓ અંગે વાત કરતા શ્રી જગદીશભાઈએ જણાવ્યું કે, સૌરાષ્ટ્રની પાણીની તરસ છિપાવવાનું ભગીરથ કાર્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. એક સમય હતો કે બહેનોએ માથે બેડા મૂકી પાણી લાવવું પડતું. કોંગ્રેસે જે નર્મદા યોજનાને વર્ષો સુધી લટકાવી રાખી હતી, તે વડાપ્રધાન બન્યાના માત્ર ૧૭ જ દિવસમાં શ્રી મોદીજીએ મંજૂર કરી ગુજરાતને પાણીદાર બનાવવાનું સરદાર સાહેબનું સ્વપ્ન સાકાર કર્યું છે. કોંગ્રેસે તેના શાસનમાં ક્યારેય ખેડૂતોની ચિંતા કરી નથી. આજે 'સૌની યોજના' અને ઘર-ઘર નળથી જળ પહોંચ્યું છે. એટલું જ નહીં, ગુજરાત સોલર રૂફટોપમાં ૧૦ લાખથી વધુ ઘરો સાથે દેશમાં પ્રથમ ક્રમે છે, જેનાથી સામાન્ય નાગરિકોના વીજ બિલમાં મોટી બચત થઈ રહી છે. ઉજ્જવલા યોજના, આયુષ્માન ભારત હેઠળ રૂ. ૧૦ લાખની મફત સારવાર અને જનધન યોજના દ્વારા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) જેવી યોજનાઓએ છેવાડાના માનવીનું જીવન સુખમય બનાવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે ગામે-ગામ ફરીને ખેડૂતો તેમજ મહિલાઓ અને દીકરા-દીકરીઓની પાયાની જરૂરિયાતોને રૂબરૂ જાણી સમસ્યાઓ દૂર કરવાના નિષ્ઠાપૂર્વક પ્રયાસો કર્યા હતા.

આઝાદીના ૭૫ વર્ષમાં વર્ષો સુધી શાસન કરનાર કોંગ્રેસને ગામડાની ગરીબી ક્યારેય દેખાઈ નહોતી, પરંતુ ગામડાની વાસ્તવિક પરિસ્થિતિથી પરિચિત શ્રી નરેન્દ્રભાઈએ સૌથી પહેલા 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન શરૂ કર્યું હતું. તે સમયે તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ નાની દીકરીઓની આંગળી પકડી તેમને શાળાએ મૂકવાની શરૂઆત કરી હતી. ગુજરાતના દીકરા-દીકરીઓનું ભવિષ્ય ઉજ્જવળ બને તે દિશામાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ ચિંતા કરી અનેક લોકકલ્યાણકારી યોજનાઓ જાહેર કરી હતી જેને આજે ગુજરાતની ભાજપા સરકાર આગળ ધપાવી રહી છે.

તેઓએ કહ્યું કે, આ ચૂંટણીમાં કોંગ્રેસ અને અન્ય પક્ષ પાસે પુરા ઉમેદવાર પણ નથી. ચૂંટણી ટાણે બહુરૂપિયા બનીને આવતા કોંગ્રેસ અને અન્ય પક્ષના લોકો ગુજરાતીઓને નહિ છેતરી શકે. આગામી ૨૬ તારીખે યોજાનારી ચૂંટણીમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના તમામ ભાજપા ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા તેઓએ આહ્વાન કર્યું હતું. સમઢીયાળાની વિજય સંકલ્પ સભામાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના સંબોધનમાં સ્વ રાજાણી સાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમના યોગદાનનું સ્મરણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લાના પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણા, જિલ્લાના પ્રભારીશ્રી અરવિંદભાઈ રૈયાણી, પ્રદેશ યુવા મોરચાના પ્રભારીશ્રી કિરિટભાઈ પટેલ, પૂર્વ મંત્રી શ્રી દેવાભાઈ માલમ, ધારાસભ્યશ્રીઓ, સાવજ ડેરીના ચેરમેનશ્રી દિનેશભાઈ ખટારિયા, સ્થાનિક ભાજપા સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, અગ્રણીઓ, ભાજપા ઉમેદવારો, કાર્યકરો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા નર્મદામાં ભાજપ વધુ મજબૂત

## પાયાના કાર્યકરોની પુનઃસ્થાપના



કમલમ્, રાજપીપળા


સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક આવતા નર્મદા જિલ્લામાં રાજકીય માહોલ ગરમાયો છે. આવી સ્થિતિમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સંગઠનસ્તરે વધુ મજબૂત બનતી નજરે પડી રહી છે. ખાસ કરીને પક્ષના પાયાના અને નિષ્ઠાવાન કાર્યકરોની પુનઃસ્થાપનાથી ભાજપની સંગઠન શક્તિમાં નોંધપાત્ર વધારો થયો છે. મળતી માહિતી મુજબ, કોઈ કારણસર અગાઉ પક્ષથી અલગ થયેલા પાયાના કાર્યકરો સુનિલભાઈ પટેલ, સોમાભાઈ વસાવા તથા દિનેશભાઈ બારીયાને રાજપીપળા સ્થિત "કમલમ" ખાતે ફરીથી ભાજપમાં સામેલ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કાર્યકરોમાં નવી ઉર્જા અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવે જણાવ્યું હતું કે ભાજપ હંમેશા કાર્યકરોના સન્માન અને સંગઠનની એકતાને પ્રાથમિકતા આપે છે. આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને વિજયી બનાવવા માટે તમામ કાર્યકરો એકજૂટ થઈને જનસંપર્ક અને પ્રચાર કાર્યમાં સક્રિય રહેશે. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોએ એકમતથી સંકલ્પ વ્યક્ત કર્યો હતો કે નર્મદા જિલ્લામાં ભાજપના વિકાસમુખી એજન્ડાને ઘેરઘેર પહોંચાડીને પક્ષને જંગી બહુમતીથી જીત અપાવશે.



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને મોડી સાંજે ગાંધીનગર જિલ્લાના મોટી આદરજ ગામે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં વિકાસ સંકલ્પ સભા યોજાઈ હતી જેમાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની વિકાસની રાજનીતિથી ગામના રસ્તાઓથી લઈને છેવાડાના માનવી સુધી પહોંચતા વિવિધ સરકારી યોજનાઓના લાભો વિશે ગ્રામજનો સાથે સીધો સંવાદ કર્યો હતો. આગામી સમયમાં વિકાસની આ રાજનીતિને વધુ વેગ આપવા માટે તેમણે ભારતીય જનતા પાર્ટીને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રચંડ બહુમતીથી વિજયી બનાવવા આહ્વાન કર્યું હતું. ગાંધીનગર લોકસભાના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના મતવિસ્તારના ગામમાં આવી તેઓએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા ભાજપા પ્રમુખશ્રી અનિલભાઈ પટેલ, પ્રભારીશ્રી રમેશભાઈ સોલંકી, ધારાસભ્યશ્રીઓ શ્રી અલ્પેશજી ઠાકોર, શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર શહેર ભાજપા અધ્યક્ષ ડો. આશિષકુમાર દવે સહિત સંગઠનના પદાધિકારીઓ, ભાજપા આગેવાનો, અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને લકુલિશ યોગ યુનિવર્સિટી વચ્ચે MoU સંપન્ન: યોગ શિક્ષણ અને પ્રસારને મળશે નવી ગતિ



કમલમ્,

ગુજરાત રાજ્યમાં યોગનો વ્યાપ વધારવા અને યોગ શિક્ષણને વધુ સુદ્રઢ બનાવવાના ઉમદા હેતુ સાથે આજે ગુજરાત રાજ્ય યોગ બોર્ડની કચેરી ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગસેવક શીશપાલજી અને લકુલિશ યોગ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી મુકેશભાઇ શાહ ની વિષેશ ઉપસ્થિતિમાં એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા છે. આ પ્રસંગે લકુલિશ યોગ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ શ્રી વિવેક મહેશ્વરી, લાઈફ મિશન સંસ્થાના સેક્રેટરી શ્રી એ.ડી. ગોહિલ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ખાસ ફરજ પરના અધિકારીશ્રી ડૉ. મૃણાલદેવી ગોહિલ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સ્ટેટ કો-ઓર્ડીનેટરશ્રી અનિલભાઈ ત્રિવેદી તેમજ લકુલિશ યોગ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર શ્રી શિવમભાઈ ત્રિપાઠી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કરાર અંતર્ગત બંને સંસ્થાઓ આગામી સમયમાં યોગના ક્ષેત્રમાં પરસ્પર સહયોગ, ઉચ્ચ શિક્ષણ અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે સાથે મળીને કામ કરશે.

આ MoU યોગના ક્ષેત્રમાં શિક્ષણ અને વિકાસને એક નવી દિશા આપવા તરફનું એક મહત્વનું કદમ સાબિત થશે. જેનાથી રાજ્યમાં યોગના પ્રચાર-પ્રસારની સાથે યુવાનોને ખાસ કરીને ગુણવત્તાયુક્ત યોગ ટ્રેનિંગ અને રિસર્ચની નવી તકો પ્રાપ્ત થશે. ગુજરાત રાજ્ય યોગબોર્ડ અને લકુલિશ યોગ યુનિવર્સિટીના આ સંયુક્ત પ્રયાસથી રાજ્યમાં 'યોગમય ગુજરાત'ના સંકલ્પને વધુ વેગ મળશે.



કમલમ્,

સમસ્ત મુડવાડીયા (ઠાકોર) પરિવાર દ્વારા આયોજીત શ્રી ચેહર માતાજીની ફોટો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી. શ્રી ચેહર માતાજી આપ સૌના જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ વરસાવે તેવી પ્રાર્થના. આ પ્રસંગે શ્રી નંઘજી ઠાકોર, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી જકસીજી ઠાકોર, શ્રી લીલાજી ઠાકોર, શ્રી વાડીલાલજી, શ્રી રંગુજી ઠાકોર, શ્રી વાઘાજી ઠાકોર, શ્રી જીવણજી સરપંચશ્રી, તેમજ ગામના આગેવાનશ્રી, દાતાશ્રીઓ અને મોટી સંખ્યામાં ભાવી ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અન્વયે સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ બટકવાડા જિલ્લા પંચાયતના સરાડ અને ભાણાસીમલ તાલુકા પંચાયતના ઉમેદવારોને ભવ્ય વિજય પ્રાપ્ત થાય તે માટે ચૂંટણીલક્ષી માર્ગદર્શન ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે પૂરું પાડ્યું. સંગઠનની શક્તિ અને કાર્યકર્તાઓના અવિરત પરિશ્રમથી નિશ્ચિત જ વિજય પ્રાપ્ત થશે તેવી પૂરી આશા વ્યક્ત કરી. આ તકે બટકવાડા જિલ્લા પંચાયતના ઉમેદવારશ્રી ગોવિંદભાઈ બામણીયા, જિલ્લા ST મોરચાના મહામંત્રીશ્રી ચંદ્રસિંહ ડામોર, લાલાભાઈ, રમેશભાઈ ડામોર, આગેવાનો, વડીલો અને કાર્યકર્તાઓ ભાઈઓ બહેનો હાજર રહ્યાં હતાં.



કમલમ્,

સંતરામપુર તાલુકામાં આવેલ સુપ્રસિદ્ધ માનગઢ ધામ તળેટી કુંડા ખાતે આચાર્ય વિનોબા ભાવેના સર્વોદય વિચારો થી પ્રેરિત થઈ કર્મયોગી પરિવાર, સુરતના પુણ્ય પુરુષાર્થથી "૩૫૧ સરસ્વતી ધામ નિર્માણ" સંકલ્પના અંતર્ગત મુખ્ય દાતા માતુશ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત (ગુજરાત) દ્વારા નવનિર્મિત અ.નિ. રાજેશભાઈ મોહનભાઈ છેટા તથા અ.નિ. મોહનભાઈ વશરામભાઈ છેટા ભવનના લોકાર્પણ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી રમેશભાઈ કટારાજી સાથે ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર તથા અન્ય મહાનુભાવો સાથે ઉપસ્થિત રહી આ પવિત્ર કાર્યમાં સહભાગી બનવાનો અવસર પ્રાપ્ત થયો. આ પવિત્ર કાર્ય સમાજના શિક્ષણ અને સંસ્કારના વિકાસ માટે એક મહત્વપૂર્ણ મીલનો પથ્થર સાબિત થશે. આ તકે માતુશ્રી કાશીબા ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ અધ્યક્ષશ્રી કેશુભાઈ હરિભાઈ ગોટી, અમૃતજેમ્સ શ્રીમાન વલ્લભભાઈ વશરામભાઈ છેટા, જ્વેલરી એસોશીએશન ઉપપ્રમુખશ્રી નિલેશભાઈ હરિભાઈ લંગાળીયા, નિજાનંદ ગ્રુપ શ્રી હીરાભાઈ રાજુભાઈ ભરવાડ, જ્વેલરી એસોશીએશન સહમંત્રીશ્રી મનીષભાઈ સુહાગીયા, જગદીશભાઈ મેરુલીયા, જ્વેલરી એસોશીએશન મહેન્દ્રભાઈ કળથીયા, વેદાંત ગ્રુપ વિપુલભાઈ પુનાભાઈ દોગા, ભરતભાઈ રામજીભાઈ ગોટી, હિંમતભાઈ મોરડિયા, આગેવાનો અને મોટી સંખ્યામાં ભાઈઓ બહેનો વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

# 'આપ'માં ભડકો: "ચણાના ઝાડ પર ચઢાવી છેલ્લી ઘડીએ દગો કર્યો"- વિનેશ વસાવાના પ્રહાર સાથે કુંડીઆંબામાં ભાજપનું શક્તિપ્રદર્શન



કમલમ્, રાજપીપળા

નર્મદા જિલ્લાના નવનિર્મિત ચિકદા તાલુકાના કુંડીઆંબા વિસ્તારમાં આમ આદમી પાર્ટી (AAP) માટે મોટો રાજકીય ઝટકો સામે આવ્યો છે. પક્ષના પાયાના ગણાતા નેતાઓએ એકસાથે પક્ષને અલવિદા કરતા સ્થાનિક રાજકારણમાં ચકચાર મચી ગઈ છે. જાહેર થયેલા તાલુકા પંચાયતના ઉમેદવાર વિનેશભાઈ વસાવાએ આમ આદમી પાર્ટી સામે ખુલ્લો બળવો જાહેર કરી દીધો છે. તેમણે 'આપ'ના નેતા દેવેન્દ્ર વસાવા પર ગંભીર આક્ષેપો કરતાં ૬૦થી વધુ સમર્થકો સાથે ભારતીય જનતા પાર્ટીમાં વિધિવત જોડાઈ ગયા છે. "રાતોરાત મેન્ડેટ બદલાયો" – વિનેશ વસાવાનો આક્ષેપ ભાજપમાં જોડાયા બાદ વિનેશભાઈ વસાવાએ તીખા શબ્દોમાં પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, "આમ આદમી પાર્ટી માત્ર લોકોને ચણાના ઝાડ પર ચઢાવવાનું કામ કરે છે. મારું નામ સત્તાવાર રીતે ઉમેદવાર તરીકે જાહેર કર્યા બાદ દેવેન્દ્ર વસાવાએ રાતોરાત મેન્ડેટ બદલી નાખ્યો અને પોતાના વહાલા લોકોને ટિકિટ આપી દીધી. કાર્યકરોની મહેનતની કોઈ કદર નથી." તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીમાં કાર્યકરોને યોગ્ય સન્માન અને તક મળે છે, જેના કારણે તેમણે ભાજપમાં જોડાવાનો નિર્ણય લીધો છે. દિગ્ગજોની હાજરીમાં ભાજપમાં પ્રવેશ કુંડીઆંબામાં યોજાયેલા કાર્યક્રમમાં ભાજપના અગ્રણીઓની હાજરી નોંધપાત્ર રહી હતી. જેમાં મોતીલાલ વસાવા (માજી વન મંત્રી), ઈશ્વરભાઈ પટેલ (પાણી પુરવઠા મંત્રી), પર્યુષાબેન વસાવા (જિલ્લાપંચાયતસભ્ય), અર્જુનભાઈ ચૌધરી (જિલ્લા પ્રભારી), નીલ રાવ (જિલ્લા પ્રમુખ), વિજયભાઈ વસાવા (મંડલ પ્રમુખ, ચિકદા) તથા ફતેસિંગભાઈ વસાવા (માજી ચેરમેન, સિંચાઈ સમિતિ) ઉપસ્થિત રહ્યા હતા. 'આપ'નું સંગઠન વિખેરાયું પીઢ આગેવાન પારસિંગભાઈ વસાવા અને તેમના પુત્ર વિનેશભાઈ સાથે ગામના ૬૦થી વધુ સક્રિય કાર્યકરોએ સામૂહિક રાજીનામું આપતા કુંડીઆંબામાં આમ આદમી પાર્ટીનું સંગઠન લગભગ ખતમ થઈ ગયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. ચૂંટણી પૂર્વે જ ઉમેદવાર અને સંગઠન ભાજપમાં જોડાતા 'આપ' માટે આ મોટો ઝટકો ગણાઈ રહ્યો છે. ચૂંટણીમાં ભાજપને ફાયદાની શક્યતા સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે દેવેન્દ્ર વસાવાની કાર્યપદ્ધતિને કારણે પક્ષમાં ભંગાણ ઊભું થયું છે, જેના સીધા રાજકીય ફાયદા ભારતીય જનતા પાર્ટીને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળી શકે છે. આ ઘટનાને કારણે નર્મદા જિલ્લામાં રાજકીય સમીકરણોમાં નોંધપાત્ર ફેરફાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028